# ગાંધીનગરમાં ભાજપનું વિજયી વાવાઝોડુ



## ગાંધીનગર મનપામાં ભાજપનો ૪૧ બેઠક સાથે પ્રચંડ વિજય : કોંગ્રેસ-આપની લડાઈમાં ભાજપને લાભ થયો : કોંગ્રેસને બે અને આપને માત્ર એક જ બેઠક મળી, ભાજપને ૧૦ વર્ષમાં પહેલી વખત સ્પષ્ટ બહુમતી મળી, પક્ષમાં જોરદાર ઉજવણીનો માહોલ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર કોર્પોરેશનની ચૂંટણીના પરિણામો આખરે જાહેર થઈ ગયા છે અને ભાજપે પ્રચંડ બહુમતી સાથે સત્તા હાંસલ કરી લીધી છે. ગાંધીનગરની ૪૪ બેઠકો પૈકી ૪૦ બેઠકો પર ભાજપે જીત મેળવી છે.કોંગ્રેસને માત્ર ૩ અને આમ આદમી પાર્ટીએ માત્ર એક બેઠક પર જીત મેળવી છે. ભાજપને ૧૦ વર્ષમાં પહેલી વખત આ શહેરમાં સ્પષ્ટ બહુમતી મળી છે. ગુજરાતમાં પગપેસારો કરવાના સ્વપ્ન જોઈ રહેલી આમ આદમી પાર્ટી માટે આ એક મોટો ફટકો છે.બીજી તરફ ભાજપ પાસે હવે ગુજરાતના તમામ મોટા શહેરોમાં કોર્પોરેશનની સત્તા આવી ચુકી છે. ભાજપના પ્રદેશ કાર્યાલય ખાતે ઉજવણી અને ઉત્સવનો માહોલ છે. ગાંધીનગર કોર્પોરેશન ઉપરાંત, અન્ય નગરપાલિકાઓમાં થયેલી પેટાચૂંટણીમાં પક્ષના દેખાવની ઉજવણી કરાશે. આ સિવાય થરા અને ઓખા નગરપાલિકામાં પણ ભાજપનો વિજય થયો છે. બપોરે ૧૨.૩૦ કલાકની સ્થિતિએ ગાંધીનગરમાં વોર્ડ નં. ૧, ૪, ૫, ૭, ૮, ૯ અને ૧૦માં ભાજપની પેનલનો વિજય નિશ્ચિત બન્યો છે. હાલ ભાજપ ૩૪થી વધુ બેઠકો પર આગળ છે. અત્યારસુધી આમ આદમી પાર્ટી ગાંધીનગરમાં માત્ર એક જ બેઠક જીતી શકી છે. રિપોર્ટ્સ અનુસાર, વોર્ડ નં.૬માં પક્ષના ઉમેદવાર તુષાર પરીખની જીત થઈ છે. જ્યારે કોંગ્રેસે વોર્ડ નં.૩માં એક બેઠક પર જીત મેળવી છે તેમજ વોર્ડ નં.૨માં તેના બે ઉમેદવારો આગળ ચાલી રહ્યા છે. ગાંધીનગરમાં આ વખતે નો રિપિટ થિયરી લાગુ કરવામાં આવી હતી. જેમાં મોટાભાગના સિટિંગ કોર્પોરેટરોનાં પત્તા કપાયાં હતાં. જોકે, આ વખતે પાટનગરમાં કોંગ્રેસના વોટ આમ આદમી પાર્ટીએ તોડ્યા હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. કારણકે, આપના આગમનથી ભાજપને ખાસ ફરક

● અનુસંધાન પાન-૭ પર

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૦૬ | ૬ ઓક્ટોબર, ૨૦૨૧, બુધવાર; ભાદરવા વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## અકસ્માતમાં ઘાયલને હોસ્પિ. પહોંચાડનારને ૫ હજાર મળશે

### રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને યોજના અંગે લેખિત જાણ કરી

નવી દિલ્હી, તા.૫

મોદી સરકારે રોડ અકસ્માતમાં ઘાયલ લોકોના જીવ બચાવવા માટે મોટી પહેલ કરી છે. રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે રોડ અકસ્માતમાં પીડિતને ગંભીર ઈજા થયાના એક કલાકની અંદર હોસ્પિટલ પહોંચાડનાર વ્યક્તિને પાંચ હજાર રૂપિયા કેશ આપવાની વાત કરી છે. આ જાણકારી સોમવારે મંત્રાલયે આપી.

આ માટે રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના પ્રધાન સચિવો અને પરિવહન સચિવોને પત્ર લખ્યો. આ પત્રમાં મંત્રાલયે કહ્યું કે આ યોજના ૧૫ ઓક્ટોબર ૨૦૨૧થી ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી પ્રભાવી રહેશે. મંત્રાલયે સોમવારે 'નેક મદદગારને પુરસ્કાર આપવાની યોજના' માટે દિશાનિર્દેશ બહાર પાડ્યા.

## રજાઓમાં સહેલાણીઓની ભીડથી ત્રીજી લહેરનું જોખમ

નવી દિલ્હી, તા.૫

કોરોના વાયરસની બીજી લહેરથી ભલે લગભગ-લગભગ દેશ ઉભરી ચૂક્યો છે પરંતુ હજુ પણ ત્રીજી લહેરનુ જોખમ ટળ્યુ નથી. બીજી લહેર જવાથી અને લોકડાઉન હટ્યા બાદ આ સમયે મોટી સંખ્યામાં સહેલાણીઓ ફરવા નીકળી રહ્યા છે. પર્યટન સ્થળો પર લોકોની ભીડ દરરોજ જોવા મળી શકે છે, પરંતુ જો આપ પણ આવનારા સમયમાં ફરવાનો પ્લાન બનાવી રહ્યા છો તો આપને એકવાર ફરી આની પર વિચાર કરવો જોઈએ કેમ કે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ ચેતવણી આપી છે કે લોકોને ફરવાની આ આદતના કારણે દેશમાં જલ્દી જ કોવિડ-૧૯ની ત્રીજી લહેર આવી શકે છે. ત્રીજી લહેરને લઈને વિશેષજ્ઞોએ ચેતવણી જારી કરી છે. વિશેષજ્ઞોએ જરૂરી અને જવાબદાર યાત્રા પર જોર આપતા કહ્યુ કે પર્યટકોની સંખ્યામાં વૃદ્ધિ અને સામાજિક, રાજકીય અથવા ધાર્મિક કારણોથી થનારી સામૂહિક સભાઓના કારણે સંક્રમણના કેસ વધી શકે છે.

**ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચની ચેતવણી**

## લદાખમાં ચીનની હાજરીથી ભારતને અસર નહીં થાય

### ભારતીય વાયુસેનાના ચીફ એર માર્શલનો દાવો

નવી દિલ્હી, તા.૫

લદાખ મોરચે ચીન અને ભારત વચ્ચે ચાલી રહેલા તનાવ વચ્ચે તાજેતરમાં એવા અહેવાલ સામે આવ્યા હતા કે, ચીને મોટા પાયે અહીંયા સૈનિકોની તૈનાતી કરી છે. હવે ભારતીય વાયુસેનાના ચીફ એર માર્શલ વી આર ચૌધરીએ પણ કહ્યુ છે કે, પૂર્વ લદાખમાં ચીનની વાયુસેના હજી પણ મોજુદ છે. જોકે તેનાથી ભારત પર કોઈ અસર નહીં થાય.

છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતની યુધ્ધ ક્ષમતામાં વધારો થયો છે. અપાચે અ્ને રાફેલ વાયુસેનામાં સામેલ થયા બાદ આપણી તાકાત વધી ગઈ છે. નવા હથિયારોને પણ એરફોર્સમાં સામલે કરાઈ રહ્યા હોવાથી એરફોર્સની મારક ક્ષમતા પણ વધી ચુકી છે. તેમણે કહ્યુ હતુ કે, તાજેતરમાં જમ્મુમાં ડ્રોન એટેક થયો તેના ચાર વર્ષ પહેલાથી એન્ટી ડ્રોન ક્ષમતા વિકસાવવા પર કામ શરૂ થઈ ગયુ છે અને આ તમામ સિસ્ટમ ભારતમાં જ બની રહી છે.

